## ચૂંટણી ચોતરેથી

- ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખીલેશ યાદવ દ્વારકા પહોંચ્યા હતા. મોડી સાંજે કર્મશીલ પ્રવિણ રામ સાથે ચર્ચા કરશે.
- માળિયા નગરપાલિકાના સભ્યો ભાજપમાં જોડાતા પાલિકામાં ભગવો લહેરાયો.
- કોંગ્રેસ પક્ષનો ચૂંટણી ઢંઢેરો સાંજે સાડા ચાર વાગે જાહેર કરાયો.
- મોરબીમાં હાર્દિક પટેલની સભા પહેલા પાસ અને હાર્દિક પટેલ વિરૂદ્ધ નનામી પત્રિકાઓ સોશીયલ મીડિયામાં વાયરલ થઈ.
- યુપીના નવનિર્વાચિત ૧૪ મેયરોનું ૧૨મીએ અમદાવાદમાં સન્માન યોજાશે.
- ગોધરાના છબરપુર ગામે ચૂંટણી ફરજ પર આવેલ આઈટીનીટી જવાનનુ પાનમ કેનાલમાં પડી જતાં મોત નિપજ્યું છે.
- દરિયાપુર બેઠક પર અપક્ષ ઉમેદવાર ફારૂક શેખે ઉમેદવારી પાછી ખેંચી કોંગ્રેસને ટેકો જાહેર કર્યો.
- રાજકોટમાં રવિવારે સાંજે પ્રધાનમંત્રીની સભામાં વિરોધ કરવા જઈ રહેલા કરણી સેનાના સભ્યોની અટકાયત કરવામાં આવી હતી.
- કેટલાક પાટીદાર યુવાનોની પણ અટકાયત કરાઈ.
- રાહુલ ગાંધી આજથી પુનઃ રાજ્યમાં ચૂંટણી પ્રવાસે આવે છે.
- જન અધિકાર મંચના પાંચ મુદ્દાઓ કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં સ્વીકારી લેતા કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું.
- પોસ્ટલ બેલેટ વોટનું વોટીંગ ગાંધીનગરમાં આરંભાઈ ગયુ.

# સુરતમાં વિજય રૂપાણીનો રોડ શો યોજાયો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને સુરતમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓની મોટી ફોજ ઉતરી



પડી છે. સુરત ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ચુક્યું છે ત્યારે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરતમાં રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રૂપાણી સવારે ખુલ્લી જીપમાં રોડ શોમાં નિકળ્યા હતા. લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. રૂપાણીએ આ વખતે કહ્યું હતું કે, ભાજપ ૧૫૦થી પણ વધુ બેઠકો પાર કરી જશે અને શાનદાર જીત મેળવશે. પાટીદાર આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલ ઉપર પ્રહાર કરતા રૂપાણીએ કહ્યું હતું કે, હાર્દિક હવે ખુલ્લો પડી ગયો છે. તેને અનામતમાં કોઈ રસ નથી. પાટીદાર સમાજના લોકો પણ હાર્દિકને સારી રીતે ઓળખી ગયા છે. પાટીદાર સમાજના લોકો ભાજપની સાથે જ રહેશે. તેમણે દાવા સાથે કહ્યું હતું કે, રોડ શોમાં અભૂતપૂર્વ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. મોટી સંખ્યામાં લોકો જોડાયા છે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીનો મજુરા વિધાનસભામાં રોડ શો યોજાયો હતો. રોડ શો દરમિયાન અલગ અલગ જગ્યા પર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સરગમ શોપિંગ સેન્ટર ખાતેથી રોડ શોની શરૂઆત થઈ હતી. ત્યારબાદ રૂપાણીનો રોડ શો મહેશ્વરી ભવન, બેંક ઓફ બરોડા સર્કલ થઈને કેનાલ રોડથી ભટાર રોડ તરફ ગયો હતો. ભટાર રોડ પર આવેલા ફાયર સ્ટેશન પાસે રોડ શોની પૂર્ણાહૂતિ થઈ હતી. રૂપાણીએ કહ્યું હતું કે, સુરતના લોકો ભાજપને પસંદ કરે છે.

હાર્દિક પટેલ હવે ખુલ્લા પડી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, અનામતને લઈને ગેરમાર્ગે દોરવાનું કામ હાર્દિક પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. બીજી બાજુ આવતીકાલે ભાજપના વરિષ્ઠ નેતાઓ જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેનાર છે. અમિત શાહ ચાર જાહેસભાઓને સંબોધન કરનાર છે જેમાં દક્ષિણ ગુજરાત અને કચ્છની બેઠકોમાં ચૂંટણી પ્રચાર કરશે. બારડોલી, જલાલપોર, ગણદેવી ખાતે સંબોધન કરનાર છે. પુરુષોત્તમ રૂપાલા, પરેશ રાવલ, રૂપાણી પણ જુદા જુદા રોડ શો કરનાર છે. આવતીકાલે વિજય રૂપાણી અમદાવાદ શહેરમાં રોડ શો કરશે જેમાં નરોડા વિધાનસભા અને દાણીલીમડા વિધાનસભાનો સમાવેશ થાય છે. પરેશ રાવલ પણ સભા કરનાર છે. સ્મૃતિ ઈરાની પણ આજે ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા.




# આજથી કચ્છ-સૌરાષ્ટ્રમાં રાહુલ ગાંધીનો ચૂંટણી પ્રવાસ

શનિવારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળની ૮૯ બેઠક માટે મતદાન થવાનું હોઈ બન્ને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનું પ્રચારયુદ્ધ પરાકાષ્ઠાએ જઈ રહ્યું છે, તાજેતરમાં રાહુલ ગાંધીના સોમનાથ મંદિરનાં દર્શન વખતે ઊભા થયેલા ધર્મ અંગેના વિવાદથી રાજ્યનું રાજકારણ ગરમાયું છે. આવતી કાલથી રાહુલ ગાંધીનો બે દિવસનો સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતનો ચૂંટણીલક્ષી પ્રવાસ શરૂ થવાનો છે, પરંતુ પ્રચાર પ્રવાસમાં હજુ સુધી કોઈ મંદિરનાં દર્શનનો કાર્યક્રમ ગોઠવાયો નથી.

જોકે રાહુલ ગાંધીના આવતી કાલથી પ્રારંભ થનારા કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પ્રચાર પ્રવાસના અત્યાર સુધીના આયોજનમાં કોઈ મંદિરનાં મુલાકાત લેવાની બાબત હજુ નક્કી કરાઈ નથી. સોમનાથ મંદિરના વિવાદ બાદ પ્રથમ વાર ગુજરાત આવતા



રાહુલ ગાંધીના કાર્યક્રમમાં મંદિર મુલાકાતને સામેલ કરાઈ ન હોઈ આ બાબત રાજકીય વર્તુળોમાં ચર્ચાસ્પદ બની છે. તા.૨૫ ઓક્ટોબરથી રાહુલ ગાંધી ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. અત્યાર સુધીના તમામ પ્રવાસમાં તેમણે રાજ્યનાં સુપ્રસિદ્ધ મંદિરની મુલાકાત લીધી છે.

અંજાર ખાતે આવતી કાલે બપોરે ૧૨ વાગ્યે જાહેર સભાને સંબોધીને તેઓ બે દિવસના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે.

અંજારમાં સભા સંબોધ્યા બાદ મોરબી જશે. મોરબી બાદ ધ્રાંગધ્રા જઈને તેઓ સાંજે સુરેન્દ્રનગરના એમ.પી. શાહ સાયન્સ કોલેજ મેદાનમાં જાહેરસભાને સંબોધ્યા બાદ રાત્રી રોકાણ સુરેન્દ્રનગરના સર્કિટ હાઉસમાં કરશે. ધ્રાંગધ્રાથી સુરેન્દ્રનગરનો પ્રવાસ રાહુલ ગાંધી બસ મારફતે કરશે. ૭મીએ રાહુલ ગાંધી દક્ષિણ ગુજરાતનો એક દિવસનો પ્રચાર પ્રવાસ ખેડશે.

રાજપીપળામાં બપોરે બાર વાગ્યે જાહેર સભાને સંબોધ્યા બાદ તેઓ આહવામાં લોકોને સંબોધશે. આહવાથી સોનગઢ અને ત્યાંથી તાપી જિલ્લાના બાજીપુરામાં ચૂંટણી સભાને સંબોધીને રાહુલ ગાંધી મોડી સાંજે દિલ્હી જવા રવાના થશે.

# ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે કોંગ્રેસ પર વંશવાદનો આરોપ લગાવ્યો

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કોંગ્રેસના અધ્યક્ષ માટે ઉમેદવારી



પત્ર ભરતાં યુપીના સીએમ યોગી આદિત્યનાથે કોંગ્રેસ પર વંશવાદનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસમાં ઉપાધ્યક્ષની ચૂંટણી ફિક્સ કરવામાં આવી છે. જેના માટે પહેલાથી રાહુલ ગાંધીના પોસ્ટર લગાવી દેવામાં આવ્યાં છે. ભાજપ નેતા નલિન કોહલીએ કોંગ્રેસ પર વંશવાદનો આરોપ લગાવ્યો છે. નલિન કોહલીએ જણાવ્યું કે, કોંગ્રેસમાં માત્ર કહેવા પુરતી અધ્યક્ષની ચૂંટણી યોજાઈ રહી છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૮મીએ હિંમતનગરમાં સભા ગજાવશે

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠાની વિધાનસભાની ચાર બેઠકોની ચૂંટણી આગામી તા. ૧૪ ડિસેમ્બરે યોજાનાર છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર જોરશોરથી શરૂ કર્યઓછે ત્યારે ગુજરાતમાં ભાજપને બહુમત અપાવવા માટે સ્ટાર પ્રચારક એ ભાજપના સર્વેસર્વા ગણાતા તથા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત ખુંદી રહ્યા છે ત્યારે તેઓ આગામી તા. ૮ ડિસેમ્બરના રોજ હિંમતનગરના મોદી ગ્રાઉન્ડમાં જાહેર સભા સંબોધશે.



આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલે જણાવ્યું હતું કે તા. ૮ ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બપોરે ૨.૩૦ કલાકે હિંમતનગરના બેરણા રોડ પર આવેલ મોદી ગ્રાઉન્ડ ખાતે જાહેરસભાને સંબોધશે. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બનવાના શરૂ કરેલા પ્રયાસો દરમિયાન તેમણે ૨૬ જાન્યુઆરીએ આ જ સ્થળે કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને ગયા બાદ હવે તેઓ વડાપ્રધાન બનીને હિંમતનગર આવી રહ્યા છે ત્યારે જિલ્લાવાસીઓ આજે પણ બેરણા રોડ પર આવેલ આ ખુલ્લી જગ્યાને મોદી ગ્રાઉન્ડ તરીકે ઓળખે છે. જો કે વહિવટીતંત્રના ચોપડે પણ આ જગ્યા મોદી ગ્રાઉન્ડ તરીકે નોંધાયેલી છે. ભાજપના સ્ટાર પ્રચારકોએ સાબરકાંઠામાં સભાઓ કરવાનું આયોજન કરીને તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તો બીજી તરફ કોંગ્રેસ દ્વારા પ્રચારમાં સ્ટાર પ્રચારકોને લાવવા માટેની ફક્ત વાતો કરાઈ રહી છે જેના કારણે મતદારો અવઢવમાં મુકાઈ ગયા છે. ચૂંટણીમાં હંમેશા મુખ્ય પક્ષના ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર માટે સભા પ્રવાસ કે અન્ય નુસખા અજમાવાય છે. તેના કારણે મતદારો પર જે પ્રભાવ પડે છે તે જ હાર જીત સુધી માનસપટ પરથી ભુસાતુ નથી.

## કોંગ્રેસનું વચનપત્ર

- ગુજરાતના તમામ ખેડૂતોના દેવા કોંગ્રેસની સરકાર આવશે એટલે માફ કરાશ
- ખેડૂતોને વાવેતર પહેલાં જ પોષણક્ષમ જાહેર કરાશે
- ખેડૂતોને દિવસ દરમ્યાન ૧૬ કલાક વીજળી પૂરી પાડવામાં આવશે
- સેટેલાઈટથી થયેલી જમીન માપણી રદ કરીને નવેસરથી સર્વે કરીને જૂની પધ્ધતિ મુજબ ન્યાયી જમીન માપણી કરવામાં આવશે
- નાના વેપારીઓ, દુકાનદારો અને ઉદ્યોગકારોને જીએસટીની ઝંઝાળમાં મુકિત અપાશે
- રાજયમાં ૨૫ લાખ બેરોજગાર યુવાનોને રોજગારી અપાશે
- નરેન્દ્ર મોદીએ ટાટા નેનોને રૂ.૩૨ હજાર કરોડની જે રકમ આપી હતી, તેટલી જ રકમ એટલે કે, રૂ.૩૨ હજાર કરોડ રૂપિયા કોંગ્રેસ બેરોજગાર યુવાનોને રોજગારી માટે ફાળવાશે
- બેરોજગાર યુવાનોને ચાર હજાર રૂપિયાનું બરોજગારી ભથ્થું ચૂકવવામાં આવશે
- ફિકસ પગાર અને આઉટસોર્સીંગની જગ્યાઓ પર કાયમી નિમણૂંક કરવામાં આવશે ● પાટીદારોને બંધારણની મર્યાદામાં
- પોલીસતંત્રમાં ખાલી જગ્યાઓ સત્વરે ભરી દેવાશે અને રાજય પોલીસતંત્રને વધુ સુદ્રઢ બનાવાશે
- રાજયની મહિલાઓને ઘરનું ઘર આપવામાં આવશે
- વિધવા અને વૃધ્ધોના સન્માનજનક પેન્શનની યોજનાઓ શરૂ કરાશે
- ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને આંબેડકર આવાસા યોજના અમલી બનાવી ૨૫ લાખ ઈડબલ્યુએસ અને એલઆઈજીના મકાનો નિર્માણ કરાશે
- રાજયમા કન્યાઓ માટે પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણ મફત પૂરું પાડવામાં આવશે
- ગરીબ કામદારોને ડો.બાબાસાહેબ આંબેડકર સામાજિક સુરક્ષા કાર્ડ અપાશે અને તેના મારફતે તેને તમામ સામાજિક લાભો ઉપલબ્ધ બનાવાશે
- વિનામૂલ્યે અને સામાન્ય નાગરિકને પણ પોષાય તેવા દરે સારવાર અને દવા ઉપલબ્ધ થાય તે હેતુથી લોકોને સરદાર પટેલ યુનિવર્સલ હેલ્થ કાર્ડ અપાશે
- રાજીવગાંધી ફાર્મસી સ્થપાશે કે જયાંથી નાગરિકોને પોષાય તેવા ભાવે વાજબી દરની દવાઓ ઉપલબ્ધ બનાવાશે
- પેટ્રોલ-ડિઝલ પરનો રાજયનો ટેક્સ ઘટાડી પેટ્રોલ-ડિઝલના ભાવોમાં રૂ.૧૦ સુધીનો ઘટાડો કરાશે
- રાજયમાં સસ્તા અનાજની દુકાનો પર ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને પાંચ કિલો ઘઉં, બે કિલો ચોખા, ત્રણ કિલો બાજરી અને એક કિલો મકાઈ અપાશે
- મિલકત વેરા અને વીજળી દરોમાં પણ ૫૦ ટકા સુધીનો ઘટાડો કરાશે, જે ઘરોમાં ૨૦૦ યુનિટ સુધીની વીજળીનો વપરાશ હશે તેઓની પાસેથી રૂ.બે વસૂલાશે
- ગેસના ભાવો નિયંત્રિત કરવા નિયમન પંચની રચના કરવામાં આવશે
- રાજયના દરેક ગામોમાં તળાવ, રમતગમતનું અદ્યતન વિશાળ મેદાન અને શૌચાલય સહિતની સુવિધા ઉપલબ્ધ બનાવાશે
- લોકાયુકતની સંસ્થા વધુ સુદ્રઢ અને અસરકારક બનાવાશે
- વિધાનસભાનું સત્ર દરમ્યાન વર્ષમાં ઓછામાં ઓછા ૧૨૦ દિવસ તો ગૃહની કાર્યવાહી કરવામાં આવશે જ
- દલિતો પરના ઉનાકાંડ, થાનગઢ સહિતના કેસોમાં તેમ જ નલિયાકાંડ કેસમાં સીટ મારફતે તપાસ કરી અસરગ્રસ્તોને ન્યાય અપાવાશે
- આદિવાસીઓના ઉત્કર્ષ અને લાભો માટે વીરસા મુંડા ફાઉન્ડેશનની રચના કરવામાં આવશે
- અનુસૂચિત જાતિ માટે અનામત નીતિનો અમલ કરવામાં આવશે
- વિચરતી અને વિમુકત જાતિને પણ સમાજના તમામ લાભો પહોંચાડાશે
- રાજયની ગૌચરની જમીનો ભ્રષ્ટાચાર આચરી ભાજપ દ્વારા બિલ્ડરોને પધરાવાઈ છે, જેમાં પાંચ વર્ષથી વધુના સમય સુધી પડતર રહી હોય તેવી ગૌચર જમીનો ફરી સરકાર હસ્તક લેવાશે
- રાજયમાં ગામો અને જિલ્લા પંચાયત વિસ્તારોમાં પાંજરાપોળ અને પશુપાલન માટેની સુવિધા ઉભી કરાશે



## ડીસામાં ભાજપના ઉમેદવારનો રોડ શો યોજાયો

ડીસા શહેરમાં વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પ્રતિદિન તેજ બની રહ્યો છે. ત્યારે સોમવારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શશીકાંત પંડ્યાનો લોક સંપર્ક રેલી સ્વરૂપે યોજાયો હતો. જેમાં હજારો ભાઈ-બહેનો અને પક્ષના કાર્યકરો જોડાયા હતા. અને ડીસા શહેરના મુખ્ય માર્ગો પર ભગવો માહોલ સર્જાયો હતો. રેલીમાં જોડાયેલા કાર્યકરો અને યુવાનોએ માથે ભગવા સાફા સાથે કેસરી ખેસ ધારણ કરી હાથમાં ભાજપના કમળના નિશાનવાળા ઝંડાઓએ આગવુ આકર્ષણ ખડુ કર્યુ હતુ.

# કુછ તો ગરબડ હૈ : ભાજપને એક પછડાટ મળતાં ખુદ પ્રધાનમંત્રી મોદીએ ચૂંટણી કમાન સંભાળી લીધી

સમથિંગ ઈઝ રોંગ.. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી શાસનમાં રહેલી ભારતીય જનતા પાર્ટીને કોંગ્રેસનો સહારો લેવાની જરૂર કેમ ઉભી થઈ છે તેવા સવાલમાં પાર્ટીના કાર્યકર્તાઓને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. નથી. વ્યાપારી વર્ગ નારાજ છે. વિવિધ સમાજમાં અજંપો છે. પાટીદાર યુવાઓ ભાજપની સામે પડેલા છે. બક્ષીપંચ સરકારથી નારાજ છે. ખેડૂતોને પોષણક્ષણ ભાવ મળતા નથી. યુવાનો બેકાર છે. મધ્યમવર્ગ પર વિવિધ

### ભાજપ કોંગ્રેસના સભ્યો અને શંકરસિંહ વાઘેલાના શરણે કેમ ગયો તે સમજાતું નથી

છેલ્લી ત્રણ ટર્મથી ગુજરાત પર ભાજપની પક્કડ છે અને ૧૧૦થી વધુ બેઠકો જીતી છે ત્યારે અચાનક કોંગ્રેસને તોડીને શાસક પક્ષ શું મેળવવા માગે છે તે પાર્ટીના પાયાના કાર્યકરોને સમજાતું નથી. ભાજપને કોંગ્રેસ યુક્ત કરવાની ચાલ ઊંધી વળે નહીં તે પણ પાર્ટીએ જોવાનું છે. કાર્યકરોમાં હાલ હતાશા અને નિરાશાનું વાતાવરણ છે.

શું ભાજપને ડર છે કે તેનો ગ્રાફ બે આંકડામાં ઉતરી આવ્યો છે? ભાજપને કોંગ્રેસ, શંકરસિંહ વાઘેલા, એનસીપી કે અપક્ષોની મદદની કેમ જરૂર પડી છે? શું ભાજપમાં નેતાઓ કે ચૂંટણી લડતા ઉમેદવારોની અછત વર્તાય છે? ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પાસે ૧૮૨ નહીં પણ ૧૮૨૦ ઉમેદવારોની યાદી હતી. એક બેઠક પર ૧૦૦૦ ઉમેદવારો ભાજપમાં મળી રહે છે, કારણ કે રાજ્યમાં કોંગ્રેસની સરખામણીએ ભાજપનું સંગઠન માળખું ખૂબ મોટું છે. ભાજપ પાસે કાર્યકર્તાઓની ફોજ છે. નેતાઓની ખોટ નથી તો પછી આવી સ્થિતિ કેમ આવી છે?..

પાર્ટીના સિનિયર અને હાલના માળખામાં નારાજ છે તેવા એક નેતાએ કહ્યું હતું કે અમારા હાઈકમાન્ડને વિશ્વાસ નથી કે આ વખતે ભાજપ સત્તામાં આવશે, કેમ કે આટલા વર્ષો પછી ગુજરાતમાં એન્ટી એસ્ટાબ્લિશમેન્ટ જોરમાં છે. નરેન્દ્ર મોદી કે અમિત શાહ મુખ્યમંત્રી થવાના જાતના ટેક્સનું મોટું ભારણ છે. સરકારના વહીવટ પર લોકોને શંકા પ્રવર્તે છે. પ્રશ્નો એક નહીં અનેક છે. માત્ર વિકાસના મુદ્દા પર ચૂંટણી જીતી શકાય તેમ નથી તેવું હાઈકમાન્ડને લાગ્યું છે તેથી કોંગ્રેસનો સહારો લેવો પડ્યો છે.




પાર્ટીના આંતરિક રિપોર્ટ પ્રમાણે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભાજપની બેઠકો ઓછી થાય તેવી સંભાવના છે તેથી ઉત્તર ગુજરાતના મજબૂત એવા શંકરસિંહ વાઘેલાના સમર્થકોને પાર્ટીમાં સમાવી લેવામાં આવ્યા છે. શંકરસિંહે તો કહ્યું છે કે તેઓ કોઈ પાર્ટીમાં જોડાશે નહીં પરંતુ બહારથી તેઓ ભાજપને ટેકો આપી રહ્યાં છે. ત્રીજા

### ચૂંટણીમાં વધુ બેઠકો મળે તે માટે મોદીએ મુલાકાત સાથે આક્રમકતા વધારી છે

વિકલ્પમાં શંકરસિંહ વાઘેલા જે સ્ટેપ ભરશે તે ભાજપને ફાયદારૂપ હશે તેવું હાલ તો લાગી રહ્યું છે.

એવો પણ રિપોર્ટ છે કે વડાપ્રધાન મોદી ગુજરાત મામલે કોઈ રિસ્ક લેવા માગતા નથી. તેમણે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પછી મોટા ભાગના પાર્ટીગત અને રાજકીય નિર્ણયો માટે પાર્ટી પ્રમુખ અમિત શાહને

### જિલ્લા કોંગ્રેસના આગેવાનોને ભાજપમાં ભેળવીને ભાજપ કાર્યકરોને નિરાશ કરે છે

સઘળી જવાબદારી સોંપી દીધી છે. તાજેતરમાં રાજયસભાની ચૂંટણી સમયે ગુજરાતમાં ધારાસભ્યોનું ખરીદ વેચાણ થયું હોવા છતાં ભાજપને યારી મળી નથી. ભાજપના અથાગ પ્રયાસો છતાં અહમદ પટેલ ચૂંટણી જીતવામાં સફળ થયા છે. ભાજપે જે ખેલ પાડ્યો તેમાં ભાજપને જ નુકસાન થયું છે. કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપે સંઘરવા પડ્યા છે અને તેમને મંત્રીપદના વાયદા કર્યા છે.

રાજ્યસભામાં અમિત શાહની બાજી ઊંધી વળતાં મોદીએ ગુજરાતની કમાન હાથમાં લીધી છે. તેમણે સૌ પ્રથમ પગલુ કેન્દ્રના નાણામંત્રી અરૂણ જેટલીને ચૂંટણીની કમાન સોંપી પાર્ટીને ચોંકાવી દીધી છે. મોદીની નજીકના બીજા ચાર રાષ્ટ્રીય નેતાઓ- નરેન્દ્રસિંહ તોમર, નિર્મલા સિતારમણ, જિતેન્દ્રસિંહ તોમર અને પીપી ચૌધરીને પણ મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

આ દરેક નેતાઓ ભાજપમાં પીએમ મોદીના પ્રખર ટેકેદાર માનવામાં આવે છે. એકરીતે ભલે મોદી દિલ્હીમાં રહે પરંતુ રાજયના સમગ્ર ચૂંટણી કાર્યક્રમનો દોરીસંચાર ઈનડાઈરેકટલી તેમના હાથમાં જ રહેશે. મોદીને સૌથી મોટો ડર આનંદીબહેન પટેલનો છે. પાર્ટીમાં તેઓ કોઈ નુકશાન કરાવે તો ભાજપની બેઠકો ડબલ ડિજીટમાં આવી શકે છે. ભાજપને નહીં મોદીને ચૂંટણીનો ડર લાગી રહ્યો છે, કારણ કે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં સફળતા મેળવવા તેમના માટે ગુજરાતની ચૂંટણી જીતવી ખૂબ જરૂરી છે. એટલે જ મોદી આનંદીબહેન પટેલને બધી જગ્યાએ આગળ કરે છે.

ગુજરાત ભાજપ અને મોદીને સૌથી મોટો ડર હાર્દિક પટેલનો છે. પીએમની સમાંતર સભાઓ અને રોડ શો તેના થાય છે. સુરત અને રાજકોટમાં હાર્દિકની રેલીમાં માનવમેદની જોતાં ભાજપના ઉમેદવારોના મોતીયા મરી ગયા છે. તેમને સતત હારનો ડર લાગ્યો છે તેથી નરેન્દ્ર મોદીને વધુ વખત ગુજરાતમાં આવવું પડ્યું છે. એક તરફ કોંગ્રેસના રાહુલ ગાંધીનો સપાટો છે અને બીજી તરફ પાટીદાર અનામત આંદોલનના સુપ્રિમો હાર્દિક પટેલની સભાઓ ભાજપને નડી રહી છે. મોદી તેમની ગુજરાતની મુલાકાતો વધારી જ રહ્યાં નથી પરંતુ હવે તેઓ વધારે આક્રમક બન્યા છે.